



### ગાંધીનગર સહિત શહેરી વિસ્તારોમાં મતદારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ

# ગુજરાતમાં આજે બીજા તબક્કા માટે મતદાન : ૮૨૦ ઉમેદવારો









## પ્રથમ તબક્કામાં ખુબ ઉંચુ મતદાન થયા બાદ બીજા તબક્કામાં પણ જોરદાર મતદાનની સંભાવના : સઘન સુરક્ષા : ૧૬ પ્રધાનોના ભાવિનો પણ ફેંસલો

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે યોજાનારી ચૂંટણીની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આવતીકાલે ૯૫ બેઠકો પર ચૂંટણી યોજાનાર છે. તમામ બેઠકો પર કુલ ૮૨૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. બીજા તબક્કામાં ચૂંટણીને લઈને શહેરી વિસ્તારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.મધ્ય, ઉત્તર ગુજરાત, અમદાવાદ શહેર અને કચ્છ જિલ્લાની બેઠકો પર આવતીકાલે મતદાન યોજાનાર છે.કુલ ૧.૯૮ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા તૈયાર છે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે મોદીએ ઉત્તર ગુજરાતમાં પાંચ રેલીને સંબોધી હતી.જ્યારે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ કચ્છમાં રેલી યોજી હતી. બીજા તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ ગઈકાલે સાંજે પાંચ વાગે શાંત થઈ ગયા હતા. પ્રથમ તબક્કાની સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતની ૮૭ બેઠકો માટે ચૂંટણીમાં મતદારોએ અભૂતપૂર્વ ઉત્સાહ દર્શાવ્યો હતો જેના લીધે ૭૦.૭૫ ટકા જંગી મતદાન થયુ હતુ. પ્રથમ તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ શહેરી વિસ્તારોમાં વધુ ઉંચા મતદાનની અપેક્ષા દેખાઈ રહી છે. બીજા તબક્કાની ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા સહિત ૧૬ પ્રધાનોના ભાવિ પણ ઈવીએમમાં સીલ થશે.બીજા તબક્કામાં કુલ ૮૨૦ ઉમેદવારો તેમના ભાવિ અજમાવી રહ્યા છે જેમાં ૪૯ મહિલા ઉમેદવારો પણ સામેલ છે. બીજા તબક્કામાં ૯૫ બેઠક પૈકી ભાજપે તમામ ૯૫ બેઠક પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. જ્યારે કોંગ્રેસે ૯૨, ગુજરાત પરિવર્તન પાર્ટીએ ૮૪, બસપે ૮૪, અપક્ષે ૨૮૪ અને અન્યોએ ૧૮૧ ઉમેદવારો ઉભા રાખ્યા છે. બીજા તબક્કામાં ૨૩૩૧૮ ઈવીએમનો ઉપયોગ કરવામાં આવનાર છે. રાજ્યમાં સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યા ૧૦૧૨૬ દર્શાવવામાં આવી છે. કુલ મતદાન મથકો ૨૩૩૧૮ નોધાવામાં આવ્યા છે. રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, (૧૭ બેઠકો) આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને વડોદરા જેવા ૧૨ જિલ્લાઓની ૯૫ બેઠકો માટે ૧૭મીએ કુલ ૨૩૩૧૮ મતદાન મથકો ઉપર એકંદરે ૧.૯૮ કરોડ મતદારો મતદાન કરશે. આ પૈકી આશરે ૧૧૪૨૪ મતદાન મથકો ગ્રામ્ય વિસ્તારના છે. ૨૭૫૧ મતદાન મથકો શહેરી વિસ્તારમાં છે. મહિલા મતદારોની સંખ્યા ૯૫૪૧૫૭ જેટલી છે જ્યારે પુરુષ મતદારોની સંખ્યા ૧૦૩૫૮૨૬૫ જેટલી છે. અન્યો મતદારોની સંખ્યા ૭૯ જેટલી છે. સૌથી મોટી વિધાનસભા વિસ્તારની દષ્ટિએ ગણવામાં આવે તો અબડાસા છે. આનું ક્ષેત્રફળ ૬૨૭૮ સ્કેવેર કિલોમિટરની આસપાર છે. મતદારોની દષ્ટિએ જોવા જઈએ તો સૌથી મોટા વિધાનસભા મતવિસ્તાર તરીકે ઘાટલોડિયા છે. અહીં ૨૮૫૯૯૮ મતદારો છે. જ્યારે સૌથી નાના મતવિસ્તાર તરીકે મતદારોની દષ્ટિએ બાપુનગર છે. અહીં ૧૬૬૭૦૮ મતદારો છે. દ્વિતીય તબક્કાની ચૂંટણીમાં મુખ્યત્વે ગોધરા તેમજ અમદાવાદ શહેર વગેરે સ્થળોના અનેક મતદાન મથકોને ચૂંટણી પંચે સંવેદનશીલ જાહેર કર્યા હોવાથી બીજા તબક્કાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સમ્પન્ન થાય તે માટે જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરની ૧૭ બેઠકોનો પણ આ દ્વિતીય તબક્કાની ચૂંટણીમાં સમાવેશ થતો હોવાથી રાજકીય પક્ષોના કાર્યકરોમાં જબરજસ્ત ઉત્તેજના છવાયેલી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ, ભૂતપૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ, રાજ્યકક્ષાના કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજા વગેરે અમદાવાદ શહેરની જુદી જુદી બેઠકો પરથી ચૂંટણી લડી રહ્યા હોવાથી ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં ભારે ધમધમાટ જોવા મળ્યો હતો.

# ચૂંટણીના બીજા ચરણમાં આજે ક્યાં ક્યાં મતદાન યોજાશે...

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. બીજા તબક્કામાં ૯૫ બેઠકો પર આવતીકાલે મતદાન યોજાશે. કઈ કઈ બેઠક પર મતદાન યોજાશે તે નીચે મુજબ છે. ૧-અબડાસા, ૨-માંડવી, ૩-ભુજ, ૪-અંજાર, ૫-ગાંધીધામ, ૬-રાપર, ૭-વાવ, ૮-થરાદ, ૯-ધાનેરા, ૧૦-દાંતા(અ.જ.જા.), ૧૧-વડગામ(અ.જા.), ૧૨-પાલનપુર, ૧૩-ડીસા, ૧૪-દિયોદર, ૧૫-કાંકરેજ, ૧૬-રાધનપુર, ૧૭-ચાણસ્મા, ૧૮-પાટણ, ૧૯-સિદ્ધપુર, ૨૦-ખેરાલુ, ૨૧-ઉંઝા, ૨૨-વિસનગર, ૨૩-બેચરાજી, ૨૪-કડી(અ.જા.), ૨૫-મહેસાણા, ૨૬-વિજાપુર, ૨૭-હિંમતનગર, ૨૮-ઈડર(અ.જા.), ૨૯-ખેડબ્રહ્મા(અ.જ.જા.), ૩૦-ભીલોડા(અ.જ.જા.), ૩૧-મોડાસા, ૩૨-બાયડ, ૩૩-પ્રાંતિજ, ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર દક્ષિણ, ૩૬-ગાંધીનગર ઉત્તર, ૩૭-માણસા, ૩૮-કલોલ- ૪૧-ઘાટલોડિયા, ૪૨-વેજલપુર, ૪૩-વટવા, ૪૪-એલિસબ્રીજ, ૪૫-નારણપુરા, ૪૬-નિકોલ, ૪૭-નરોડા, ૪૮-ઠક્કરબાપાનગર, ૪૯-બાપુનગર, ૫૦-અમરાઈવાડી, ૫૧-દરિયાપુર, ૫૨-જમાલપુર-ખાડીયા, ૫૩-મણિનગર, ૫૪-દાણીલીમડા(અ.જા.), ૫૫-સાબરમતી, ૫૬-અસારવા(અ..જા.), ૫૭-દસક્રોઈ, ૧૦૮-ખંભાત, ૧૦૯-બોરસદ, ૧૧૦-આંકલાવ, ૧૧૧-ઉમરેઠ, ૧૧૨-આણંદ, ૧૧૩-પેટલાદ, ૧૧૪-સોજીત્રા, ૧૧૫-માતર, ૧૧૬-નડિયાદ, ૧૧૭-મહેમદાવાદ, ૧૧૮-મહુવા, ૧૧૯-ઠાસરા, ૧૨૦-કપડવંજ, ૧૨૧-બાલાસિનોર, ૧૨૨-લુણાવાડા, ૧૨૩-સંતરામપુર(અ.જ.જા.), ૧૨૪-શહેરા, ૧૨૫-મોરવા હડફ(અ.જ.જા.), ૧૨૬-ગોધરા, ૧૨૭-કાલોલ, ૧૨૮-હાલોલ, ૧૨૯-ફતેપુર(અ.જ.જા.), ૧૩૦-ઝાલોદ(અ.જ.જા.), ૧૩૧-લીમખેડા(અ.જ.જા.), ૧૩૨-દાહોદ(અ.જ.જા.), ૧૩૮-જેતપુર(અ.જ.જા.), ૧૩૯-સંખેડા(અ.જ.જા.), ૧૪૦-ડભોઈ, ૧૪૧-વડોદરા શહેર (અ.જા.), ૧૪૨-સયાજીગંજ, ૧૪૩-અકોટા, ૧૪૪-રાવપુરા, ૧૪૫-માંજલપુર, ૧૪૬-પાદરા, ૧૪૭-કરજણનો સમાવેશ થાય છે.

## બીજા તબક્કાના આંકડા.....

અમદાવાદ તા.૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે જેમાં અમદાવાદ જિલ્લાની ૧૭ બેઠકોનો પણ સમાવેશ થાય છે જેથી ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મતદાનને લઈને ચૂંટણી પંચે પણ તમામ તૈયારી કરી લીધી છે. આવતીકાલે સોમવારે મતદારો તમામ ૮૨૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે સજ્જ થઈ ગયા છે. ૪૯ મહિલા ઉમેદવારો પણ ભાગ્ય અજમાવી રહી છે.બીજા તબક્કામાં શહેરની બેઠકો સામેલ હોવાથી લોકોમાં તર્ક વિતર્કો અને ચર્ચાનો દોર દિવસભર જારી રહ્યો હતો. બીજા તબક્કાની ચૂંટણીના તમામ આંકડા નીચે મુજબ છે.

| | |
|---|---|
| બીજા તબક્કાની કુલ બેઠક | ૯૫ |
| બીજા તબક્કાના કુલ જિલ્લા | ૧૨ |
| કુલ મતદારો | ૨,૦૦,૯૯,૫૦૧ |
| પુરુષ મતદારો | ૧.૯૮ કરોડ |
| મહિલા મતદારો | ૯૫૪૧૫૭ |
| અન્ય મતદારો | ૭૯ |
| બીજા તબક્કામાં કુલ ઉમેદવારો | ૮૨૦ |
| બીજા તબક્કામાં મહિલા ઉમેદવાર | ૪૯ |
| મહત્તમ ઉમેદાવાર ધરાવતી વિધાનસભા | હિંમતનગર(૧૮) |
| સૌથી ઓછા ઉમેદવાર ધરાવતી વિધાનસભા | ફતેપુરા(૩) |
| ભાજપના ઉમેદવાર | ૯૫ |
| કોંગ્રેસના ઉમેદવાર | ૯૨ |
| ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર | ૮૪ |
| બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર | ૮૪ |
| અપક્ષ ઉમેદવારો | ૨૮૪ |
| અન્ય ઉમેદવારો | ૧૮૧ |
| બીજા તબક્કામાં ઉપયોગમાં લેવાનાર ઈવીએમ | ૨૩૩૧૮ |
| સંનેદનશીલ મતદાન મથકોની સંખ્યા | ૧૦૧૨૬ |
| વિસ્તારની દષ્ટિએ સૌથી મોટું વિધાનસભા ક્ષેત્ર | અબડાસા |
| મતદારોની દષ્ટિએ સૌથી મોટી બેઠક-ઘાટલોડિયા | ૨૮૫૯૯૮ |
| મતદારોની દષ્ટિએ સૌથી નાની બેઠક-બાપુનગર | ૧૬૬૭૦૮ |
| કુલ મતદાન મથકો | ૨૩૩૧૮ |

# ગાંધીનગરમાં જે ઉમેદવાર ચૂંટાય તે પાર્ટી ગુજરાતમાં સત્તામાં આવે છે

### રાજકીય ઈતિહાસમાં આ યોગાનું યોગ માત્ર એક વખત ૨૦૦૨માં અપવાદ બન્યો ભાજપના ઉમેદવાર ત્રણ વખત ચૂંટાયા અને ત્રણ વખત ભાજપે જ સરકાર બનાવી

(ગૌતમ પુરોહિત)

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત વિધાનસભાના રાજકીય ઈતિહાસમાં યોગાનુંયોગ જોવામાં આવે તો આશ્ચર્ય સાથે એવું કહી શકાય તેમ છે કે ગાંધીનગરની બેઠક ઉપર જે ઉમેદવાર વિજયી બને છે તે પાર્ટીની સરકાર ગુજરાતમાં સત્તા ઉપર આવે છે.

૧૯૭૨માં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસના નરેન્દ્રસિંહ ઝાલા ગાંધીનગરની બેઠક ઉપરથી વિજયી બન્યા હતા અને ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બની હતી, ત્યારબાદ ૧૯૭૫માં એનસીઓના કેન્ડિડેટ ગાંધીનગરમાં વિજયી બન્યા હતા અને બાબુભાઈ જસભાઈ પટેલની નોન કોંગ્રેસી સરકારે સત્તા મેળવી હતી. ૧૯૮૦ અને ૧૯૮૫માં થયેલી બે ચૂંટણીમાં પણ કોંગ્રેસને સત્તા મળી હતી કારણ કે ગાંધીનગરમાં કોંગ્રેસના ઉમેદવાર કાસમબાપુ વિજયી બન્યા હતા. ૧૯૯૦માં ગુજરાતમાં ત્રીજો મોરચો હતો. જનતાદળના નેતા ચીમનભાઈ પટેલે તેમના ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ગાંધીનગરમાં પોપટલાલ પટેલને ચૂંટણી લડાવી હતી. પોપટલાલ જીતી ગયા અને ગુજરાતમાં ચીમનભાઈ પટેલની નોન કોંગ્રેસ સરકાર આવી હતી. ૧૯૯૫ અને ૧૯૯૮માં બે વખત કેશુભાઈ પટેલની ભાજપની સરકારે ગુજરાતમાં સત્તા ભોગવી છે. આ બન્ને ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર વાડીભાઈ પટેલ વિજયી રહ્યાં હતા, યોગ એવો સર્જાયો કે ભાજપે સિંહાસન કબજે કર્યું હતું. ૨૦૦૨ એકમાત્ર અપવાદ છે. આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સી.જે.ચાવડા વિજેતા બન્યા હતા પરંતુ ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકાર બની હતી. જો કે ૨૦૦૭ની છેલ્લી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શંભુજી ઠાકોર ગાંધીનગરની બેઠક ઉપરથી ચૂંટણી જીત્યા હતા અને નરેન્દ્ર મોદીએ ફરીથી સત્તા પ્રાપ્ત કરી હતી. ૨૦૧૨માં મતદારો આ દિશાને જોઈ રહ્યાં છે. અત્યંત રસાકસીભરી ચૂંટણીમાં ગાંધીનગરની ઉત્તરની બેઠક ઉપર સૌની નજર છે, કારણ કે આ બેઠક રાજકારણમાં સંજોગનું સર્જન કરે છે.

### જે ઉમેદવાર જીત્યો તેની સરકાર

| વર્ષ | ઉમેદવાર | પાર્ટી | મુખ્યમંત્રી |
|---|---|---|---|
| ૧૯૭૨ | નરેન્દ્રસિંહ ઝાલા | કોંગ્રેસ | ચીમનભાઈ પટેલ |
| ૧૯૭૫ | જેઠા ફુલા | એનસીઓ | બાબુભાઈ પટેલ |
| ૧૯૮૦ | કાસમ બાપુ | કોંગ્રેસ | માધવસિંહ સોલંકી |
| ૧૯૮૫ | કાસમ બાપુ | કોંગ્રેસ | માધવસિંહ સોલંકી |
| ૧૯૯૦ | પોપટલાલ પટેલ | જનતાદળ | ચીમનભાઈ પટેલ |
| ૧૯૯૫ | વાડીભાઈ પટેલ | ભાજપ | કેશુભાઈ પટેલ |
| ૧૯૯૮ | વાડીભાઈ પટેલ | ભાજપ | કેશુભાઈ પટેલ |
| ૨૦૦૨ | સી.જે.ચાવડા | કોંગ્રેસ | નરેન્દ્ર મોદી |
| ૨૦૦૭ | શંભુજી ઠાકોર | ભાજપ | નરેન્દ્ર મોદી |

# વનમેન આર્મી તરીકે મોદી હરીફોને પછાડવા તૈયાર

### થ્રીડી હોલોગ્રાફિક બેઠકો સહિત મોદીએ પહેલી ડિસેમ્બર બાદથી ૨૮૫ સભા સંબોધી : બધા મતવિસ્તારમાં પહોંચ્યા

અમદાવાદ, તા. ૧૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી સખત પરિશ્રમી રાજકારણી છે તે બાબત તો તેમના વિરોધીઓ પણ કબૂલે છે. લાંબા સમયથી આ બાબતથી દરેક લોકો વાકેફ છે કે નરેન્દ્ર મોદી વનમેન આર્મીની જેમ એકલા હાથે તમામ સામે લડી રહ્યા છે. આ વખતે પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સમગ્ર જંગ નરેન્દ્ર મોદી સાથે જોડાયેલો છે. વનમેન આર્મીની જેમ જ મોદી ફાઈનલ સ્પર્ધામાં તેમના તમામ હરીફોને પછડાટ આપવા મહેનત કરી ચુક્યા છે. પરિણામ આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે. આ વખતે ટેકનોલોજીનો ઉપયોગ પણ નરેન્દ્ર મોદીએ ભરપુર કર્યો છે. સોલો સ્ટાર પ્રચારક તરીકે મોદીએ દરરોજ અનેક જગ્યાઓએ સભાઓ સંબોધી હતી. મોદીને ભાગ્યે જ સ્થાનિક અખબાર કેન્દ્રિય ભાજપ નેતાઓની જરૂર પડે છે. પહેલી ડિસેમ્બરના દિવસે સોમનાથથી ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફુંક્યા બાદથી મોદીએ ૨૮૫ જાહેર સભાઓ સંબોધી છે આનો મતલબ એ થયો કે દરરોજની ૧૯ સભાઓનો સમાવેશ થાય છે. આમા થ્રીડી હોલોગ્રાફીક ચૂંટમી સભાનો પણ સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ એક મહિના લાંબી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા દરમિયાન ૧૩૫ રેલીઓને સંબોધી હતી. મોદીએ ૧૧મી સપ્ટેમ્બરના દિવસે તેમના ચૂંટણી પ્રચાર તરીકે આનો ઉપયોગ કર્યો હતો. મોદી શનિવારની સાંજે ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચારની પૂર્ણાહૂતિ થઈ ત્યાં સુધી ઓછામાં ઓછા બે વખત ૧૮૨ વિધાનસભા બેઠક પૈકીની દરેકમાં પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન ૬૨ વર્ષીય મોદીએ શારીરિક સમસ્યાઓની પણ અવગણના કરી હતી. દુખાવા તરફ ધ્યાન આપ્ય ન હતુ. થાક તરફ ધ્યાન આપ્યુ ન હતુ. તેમના સવારના યોગા સેશન પણ ભરચક કાર્યક્રમ છતાં જારી રહ્યા હતા. સવારે ૭.૩૦ વાગ્યાથી આઠ વાગ્યા વચ્ચે તેઓ તેમના મહત્વના ભાજપ પ્રચારકો તેમજ કાર્યક્રમો અંગે પણ વાત કરતા હતા સવારે આઠ વાગ્યથી ૧૧ વાગ્યા વચ્ચેના ગાળામાં તેઓ પ્રવાસમાં વ્યસ્ત રહેતા હતા. પરંતુ તેમના સત્તાવાર નિવાસસ્થાને દરરોજ રાત્રે હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને પરત ફરતા હતા. ભરચક કાર્યક્રમ છતાં પણ તેઓ મેલ ઉપર નજર રાખતા હતા જે તેમને મોકલવામાં આવતા હતા. આ મેલ ઉપર નજર કરીને આગાલ દિવસના કાર્યક્રમો રાત્રેજ તૈયાર કરતા હતા. નરેન્દ્ર મોદીના આ વ્યસ્ત કાર્યક્રમ અંગે એક અગ્રણી અખબારે અહેવાલ પ્રકાશિત કર્યા બાદ સાબિત થાય છે કે તેઓ વનમેન આર્મી તરીકે જંગમાં જોડાયા હતા.